-: વેચાણ દસ્તાવેજ:-

ડીસ્ટ્રીકટ ભરૂચ, સબ ડીસ્ટ્રીકટ ભરૂચ, મોજે ગામ **તવરા**ની સીમમાં આવેલ **રેવન્યુ સર્વે/બ્લોક નંબર ૫૧-બ પૈકી**ની કુલ ૭૩૨૦.૦૦ ચો.મી.ની બીનખેતીની જમીન પર **"ધ મેપલ સ્કાયડેક"** નામથી રહેણાંક/ વાણીજય હેતુસર દુકાન,ઓફીસ તથા ફલેટસનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં આગળના ભાગમાં **ગ્રાઉન્ડ ફલોર તથા ફર્સ્ટ ફલોર દુકાન/ઓફીસ** આવેલ છે. તથા પાછળના ભાગમાં રહેણાંકના હેતુસર **"એ/૧, એ/૨ તથા એ/3" એમ કુલ ૩ (ત્રણ) ટાવરમાં પ્રથમ માળથી ચૌદ માળ સુધીના ફલેટસ** આવેલા છે. જે પૈકીની **.................ફલોર/ટાવર** ઉપર આવેલ **દુકાન / ઓફીસ નં........**જેનું **બિલ્ટ અપ એરીયા.............ચો.મી.** (............. ચો.ફૂટ) છે તથા જેનો **કારપેટ એરીયા ....ચો.મી.** (............. ચો.ફૂટ) થાય છે.તથા **અનડીવાયડેડ શેર ઓફ લેન્ડની જગ્યા યાને વરાડે પડતી જગ્યા ....ચો.મી.** થાય છે તે મિલકતનો વેચાણ દસ્તાવેજ **કિંમત રૂા........................./- અંકે રૂપીયા ....પૂરાનો.**

વેચાણ આપનાર , જમીન માલીક (પ્રયોજક)	**જાતે**	**ઉ.વર્ષ.આ**	**ધંધો**	**સરનામું**
કુબેર એન્ટરપ્રાઇઝ ભાગીદારી પેઢી **Pan no.**	**-**	**-**	**-**	**મુ.પો. તવરા, તા.જી. ભરૂચ.** **પીનકોડ નં. ૩૯૨૦૧૧**
કુબેર એન્ટરપ્રાઇઝ ભાગીદારી પેઢી ના ઓર્થોરાઝડ ભાગીદાર **Pan no.** **Mo.**	**હિન્દુ**		**વેપાર**	**-ઉપર મુજબ-**

(જેમને હવે પછી આ વેચાણ દસ્તાવેજમાં **'વેચાણ આપનાર'** એ રીતે સંબોધવામાં આવ્યા છે, તે સંબોધનના અર્થમાં ભાગીદારી પેઢીના વખતોવખતના ભાગીદારો તેઓના દરેકના વંશ-વાલી-વારસો, સકસેસરો, એસાઇનીઓ, એડમીનીસ્ટ્ટરો, કુલમુખત્યાર ઇત્યાદી તમામનો સમાવેશ થાય છે.)

વેચાણ લે**નાર , (એલોટી)**	જાતે	ઉ.વર્ષ.આ	ધંધો	સરનામું
Pan no. **Mo.**				

(જેમણે હવે પછી આ વેચાણ દસ્તાવેજમાં **'વેચાણ લેનાર'** એ રીતે સંબોધવામાં આવ્યા છે, તે સંબોધનના અર્થમાં તમો પોતે તથા તમારા વખતોવખતના વંશ-વાલી-વારસો, સકસેસરો, એસાઇનીઓ, એડમીનીસ્ટ્ટરો, કુલમુખત્યાર ઇત્યાદી તમામનો સમાવેશ થાય છે.)

જત્ અમો પ્રથમ પક્ષવાલા આ વેચાણ દસ્તાવેજ બીજા પક્ષવાલાની તરફેણમાં અને લાભમાં લખી આપી જણાવીએ છીએ કે,

ડીસ્ટ્રીકટ ભરૂચ, સબ ડીસ્ટ્રીકટ ભરૂચ, મોજે ગામ **તવરા**ની સીમમાં આવેલ **રેવન્યુ સર્વે/બ્લોક નંબર ૫૧-બ પૈકી**ની કુલ ૭૩૨૦.૦૦ ચો.મી.ની બીનખેતીની જમીન પર **"ધ મેપલ સ્કાયડેક"** નામથી રહેણાંક/ વાણીજય હેતુસર દુકાન,ઓફીસ તથા ફલેટસનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં આગળના ભાગમાં **ગ્રાઉન્ડ ફલોર તથા ફર્સ્ટ ફલોર દુકાન/ઓફીસ** આવેલ છે. તથા પાછળના ભાગમાં રહેણાંકના હેતુસર **"એ/૧, એ/૨ તથા એ/૩" એમ કુલ ૩ (ત્રણ) ટાવરમાં પ્રથમ માળથી ચૌદ માળ સુધીના ફલેટસ** આવેલા છે. જે પૈકીની **.................ફલોર/ટાવર** ઉપર આવેલ **દુકાન / ઓફીસ નં........**જેનું **બિલ્ટ અપ એરીયા..............ચો.મી.** (............. ચો.ફૂટ) છે તથા જેનો **કારપેટ એરીયા ....ચો.મી**. (............. ચો.ફૂટ) થાય છે.તથા **અનડીવાયડેડ શેર ઓફ લેન્ડની જગ્યા યાને વરાડે પડતી જગ્યા ....ચો.મી.** થાય છેતે મિલકતનો વેચાણ દસ્તાવેજ **કિંમત રૂા........................./- અંકે રૂપીયા ....પૂરાનો.**

વેચાણથી આપેલ છે.જેનું વિગતવારનું વર્ણન નીચે પરિશિષ્ટમાં કરેલ છે.

(૧) સદરહું જમીન મણીબેન છત્રસંગનાઓના નામે ચાલી આવેલાની નોધં ન. ૩૧૩૧, તા.૧૮/૦૮/૧૯૭૩ ના રોજ રેવન્યુ દફતરે દાખલ કરવામાં આવેલ. તેઓ તા.૨૦/૧૧/૨૦૦૮ ના રોજ ગુજરી જતા તેમજ તેમના દીકરા ખુમાનસિંહ છત્રસિંહનાઓ તા. ૦૭/૦૧/૧૯૯૬ ના રોજ ગુજરી જતાં તેમના કાયદેસરના સીધી લીટીના વારસદારો (૧) મહેન્દ્રસિંહ છત્રસિંહ (૨) નરેન્દ્રસિંહ છત્રસિંહ (૩) સવિતાબેન છત્રસિંહ (૪) કપીલાબેન છત્રસિંહ (૫) વિલાસબેન છત્રસિંહ (૬) જશોદાબેન ખુમાનસિંહ (૭) લક્ષ્મીબેન ખુમાનસિંહ (૮) ભાવનાબેન ખુમાનસિંહ (૯) ધર્મીષ્ઠાબેન ખુમાનસિંહ (૧૦) કિરણસિંહ ખુમાન સિંહ (૧૧) ચેતનાબેન ખુમાનસિંહનાઓના વારસાઇ નોધં ન. ૭૭૮૯ થી તા. ૨૭/૦૩/૨૦૦૯ ના રોજ રેવન્યુ દફતરે દાખલ કરવામાં આવેલ.

(૨) ત્યારબાદ (૧) જશોદાબેન ખુમાનસિંહ (૨) લક્ષ્મીબેન ખુમાનસિંહ (૩) ભાવનાબેન ખુમાનસિંહ (૪) ધર્મીષ્ઠાબેન ખુમાનસિંહ (૫) ચેતનાબેન ખુમાનસિંહનાઓએ કિરણસિંહ ખુમાનસિંહની તરફેણમાં હકક જતો કરતાં તે હકક ઉઠાવી લેવાની નોંધ નં ૭૯૯૪ ,તા.૦૭/૧૨/૨૦૦૯ થી રેવન્યુ દફતરે નોંધવામાં આવેલ. તથા (૧) સવિતાબેન છત્રસિંહ (૨) કપીલાબેન છત્રસિંહ (૩) વિલાસબેન છત્રસિંહનાઓએ મહેન્દ્રસિંહ છત્રસિંહ અને નરેન્દ્રસિંહ છત્રસિંહનાઓની તરફેણમાં હકક જતો કરતાં તે હકક ઉઠાવી લેવાની નોંધ નં ૮૦૯૬ , તા. ૦૨/૦૩/૨૦૧૦ થી રેવન્યુ દફતરે નોંધવામાં આવેલ.

(૩) મજકુર જમીન રહેણાંકના હેતુ માટે તથા ખેતી સિવાયનો ઉપયોગ કરવાનો હોય, તે બાબતની પરવાનગી ભરૂચ કલેકટરશ્રીએ તેમના જાવક નંબર ક્રમાંક : ભુમી/બી.ખે./વશી/૪૦૫૯, તા.૨૦/૦૬/૨૦૧૭ રોજના નાં હુકમથી પરવાનગી આપેલ છે. સદરહુ જમીનને મામલતદારશ્રીના હુકમના આધારે દુરસ્તી પત્ર નં.ભુમી/કોન/વશ૦/૩૪૦૬ થી ૩૪૦૮ તા. ૧૦/૧૦/૨૦૧૪ થી એકત્ર કરવામાં આવેલ છે જેની ગામ દફતરે નોંધ નં.૧૦૧૨૦, તા.૧૪/૦૨/૨૦૧૫ મુજબ સવાલવાળી મોજે તવરા, તા.જી.ભરૂચના રે.સ.નં. ૫૧/બ ની ૨૦૦૦.૦૦ ચો.મી., રે.સ.ન. ૫૨/બ ની ૩૮૦૦.૦૦ ચો.મી. તથા રે.સ.ન. ૫૩ ની ૬૪૦૦.૦૦ ચો.મી. જમીન એકત્ર કરી રે.સ.નં. ૫૧/બ ક્ષેત્રફળ ૧૨૨૦૦.૦૦ ચો.મી. કાયમ કરવામાં આવેલ છે.

(૪) સદરહું ડીસ્ટ્રીકટ- ભરૂચ, સબ-ડીસ્ટ્રીકટ-ભરૂચ, મોજે- તવરા, તા.જી. ભરૂચની સીમમાં આવેલ રે.સ.ન.૫૧/બ વાળી બિનખેતીની જમીન કે જેનું કુલ ક્ષેત્રફળ ૧૨૨૦૦ ચો.મી. છે. જેમાંથી ભરૂચ -અંકેલશ્વર શહેરી વિકાસ સત્તા મંડળ (બૌડા)ના હુકમ ક્રમાંક બૌડા/ પ્લોટ વેલીડેશન/વશી/૨૦૨૦૨/૨૨૭૫, તા.૧૨/૧૧/૨૦૨૦ પ્લોટ વેલીડેશન સર્ટિફીકેટ મુજબ ૪૦% લેખે ૪૮૮૦.૦૦ ચો.મી. કપાતમાં ૧૬૦૦.૫૦ ચો.મી. જમીન ૨૪.૦૦ મીટર અને ૩૦.૦૦ મીટર ડી.પી. રસ્તામાં અને ૩૨૭૯.૫૦ ચો.મી. જમીન કપાત બૌડાને કબજો સુપ્રરત કર્યા પછી રી-કોન્ટીસ્ટીટયુટેડ લેન્ડ સૂચીત કરેલ છે, તે પ્લાનમાં દર્શાવ્યા મુજબની બાકી રહેલ ૭૩૨૦.૦૦ ચો.મી. જેટલી જમીનના અમો પ્રથમ પક્ષની સહમાલિક, મુખત્યાર અને કબજેદાર, ભોગવટેદાર ચાલી આવીએ છીએ.

(૫) સદરહું **રેવન્યુ** સર્વે/બ્લોક નંબર ૫૧-બ માં ૭૩૨૦.૦૦ ચો.મી. વાળી બિન ખેતીની જમીનના અમો માલીકી નરેન્દ્રસિંહ છત્રસિંહ સોલંકી, મહેન્દ્રસિંહ છત્રસિંહ સોલંકી તથા કિરણસિંહ ખુમાનસિંહ સોલંકીનાઓએ કુબેર

એન્ટરપ્રાઈઝ ભાગીદારી પેઢી બનાવેલ છે. જે ભાગીદારી પેઢી નોટરી રજીસ્ટર રૂબરૂ રજી. ન. ૨૧૨૯/૨૦૨૧ થી તા.૧૭/૦૨/૨૦૨૧ ના રોજ રજીસ્ટર થયેલ છે. જે કુબેર એન્ટરપ્રાઈઝ ભાગીદારી પેઢીનું રજીસ્ટ્રેશન "Form No.–G" રજીસ્ટર નં GUJVA201342 કરાવેલ છે.

(૬) ત્યારબાદ કુબેર એન્ટરપ્રાઈઝ ભાગીદારી પેઢીએ એડમીશન કમ રીટાયરમેન્ટ ડીડ બનાવવમાં આવેલ છે. જેમાં કુબેર એન્ટરપ્રાઈઝ ભાગીદારી પેઢીના ભાગીદારો નરેન્દ્રસિંહ છત્રસિંહ સોલંકી, મહેન્દ્રસિંહ છત્રસિંહ સોલંકી તથા કિરણસિંહ ખુમાનસિંહ સોલંકી પૈકી નરેન્દ્રસિંહ છત્રસિંહ સોલંકીનાઓ આ ભાગીદારી પેઢીમાંથી રીટાયર્ડ થયા અને તેમની જગ્યાએ નવા ભાગીદાર તરીકે કૈશિક નરેન્દ્રસિંહ સોલંકી તથા કૃણાલસિંહ જનકસિંહ દાયમાનાઓને ભાગીદાર તરીકે સમાવેશ કરવામાં આવેલ છે. જે અંગેનો "એડમીશન કમ રીટાયરમેન્ટ ડીડ" નોટરી પબ્લીક રજીસ્ટર નં ૪૨૯૦/૨૦૨૧, તા.૧૪/૦૪/૨૦૨૧ ના રોજ નોંધવામાં આવેલ છે.અને કુબેર એન્ટરપ્રાઈઝ ભાગીદારી પેઢીનું એમડમેન્ટ "Form No.–G" રજીસ્ટર નં GUJVA201342 માં પણ કરાવેલ છે. અને અમો ભાગીદારોએ સદરહું સર્વે નં ૫૧-બ વાળી જમીન કુબેર એન્ટરપ્રાઈઝ ભાગીદારી પેઢીના નામથી રેવન્યુ દફતરે ફેરફાર નોંધ ન. થી તા. ના રોજ નોધંવામાં આવેલ છે.અને હાલમાં સદરહું જમીનઅમારા માલીકી હકક તથા કબજા ભોગવટાવાળી છે. આ રે.સ.ન. ૫૧-બ વાળી જમીન રેવન્યુ દફતરે કુબેર એન્ટરપ્રાઈઝ ભાગીદારી પેઢીના નામથી ઓળખાય છે.

(૭) સદરહુ આખી બીનખેતીની જમીન પર બાંધકામ, વહીવટ, વ્યવસ્થા, વેચાણ કરવાના અમો વેચાણ આપનારે હકક અને અધિકાર છે. જેથી સદરહુ " ધ મેપલ સ્કાયડેક" કોમ્પલેક્ષમાં .... ફલોર પર આવેલ દુકાન/ ઓફીસ/ફલેટ નં...................... જેનુ વર્ણન પરિશિષ્ટિમાં કરવામાં આવેલ છે કે જેને હવે પછી સદરહુ મિલકત તરીકે વર્ણવવામાં આવેલ છે. તેનો વેચાણ દસ્તાવેજ કરી આપેલ છે.

(૮) સદરહું "ધ મેપલ સ્કાયડેક" યોજનાની વેચાણ દસ્તાવેજમાં પરિશિષ્ટવાળી મિલકત વેચાણ આપનારે કાયદાની જોગવાઇઓ હેઠળ THE REAL ESTATE REGULATORY ACT (RERA) એકટ ૨૦૧૬ અને ગુજરાત રૂલ્સ ૨૦૧૬ અને

૨૦૧૭ના ગુજરાત રીયલ એસ્ટેટ (રેગ્યુલેશન એન્ડ ડેવલોપમેન્ટ) (જનરલ) ના કાયદા અન્વયે રીયલ એસ્ટેટ રેગ્યુલેશન એન્ડ ડેવલોપમેન્ટ ઓથોરીટીમાં નોધાંવેલ છે જેનો RERA Reg. No. ....છે.

(૯) સદરહુ મિલકત અમો વેચાણ આપનારે તમો વેચાણ લેનારને આપવાનું નકકી કરેલ હોય આપણે એક રજીસ્ટર બાનાખત (એગ્રીમેન્ટ) કરાર કરવામાં આવેલ જે બાનાખત કરાર રજીસ્ટ્રેશન નં........................... તા. / /૨૦ થી ભરૂચ સબ-રજીસ્ટર કચેરી, ભરૂચ ખાતે નોધાંચેલ છે.

(૧૦) મજકુર નીચે જણાવેલ મિલકતના અમો વેચાણ આપનાર એ રીતે સંપૂર્ણ, સંયુકત માલિક રહેલા છે, અને તે રીતે વહીવટ, ઉપભોગ કરતા આવેલા છે, અને અમો વેચાણ આપનાર સિવાય અન્ય કોઇનો મજકુર નીચે જણાવેલ મિલકતમાં કોઇપણ પ્રકારનો હકક, હિસ્સો કે હિત સંબંધ નથી, અને અમો હરેક રીતે મજકુર નીચે જણાવેલી મિલકતની વેચાણ વ્યવસ્થા કરવા માલિક મુખત્યાર છીએ, તેવા હકક અને અધિકારથી વેચાણ આપનારે તમો વેચાણ લેનારને આજરોજ સદરહુ મિલકત વેચાણથી આપેલ છે.

(૧૧) સબબ, તમો વેચાણ લેનારને વેચાણ આપેલ સદરહું દુકાન/ઓફીસ/ફલેટ નં............... અમો વેચાણ આપનારે રૂા..................................**/- (અંકે રૂપિયા** .... **પુરા)** ના અવેજથી વેચાણ આપેલ છે. જે અવેજની રકમ તમો વેચાણ લેનારે અમો વેચાણ આપનારને નીચેની વિગતે ચુકતે ચુકવી આપેલ છે.

અવેજની વિગત

અ.નં.	વિગત	રકમ
૧.		
૨.		
	કુલ	

(૧૨) સદરહુ મિલકતનાં વેચાણ અવેજની પુરેપુરી રકમ અમો વેચાણ આપનારને ઉપરોકત વિગત ચુકતે મળી ગઇ છે, અને સદરહુ તમારા અવેજના બદલામાં અમોએ આ અમારી સ્વતંત્ર માલિકની સ્થાવર મિલકત તમોને માલિક તરીકે સુપ્રત કરી છે. અમો વેચાણ આપનારાઓએ આજ દિન બાદ પરત માંગવા હકકદાર રહેતા નથી. આમ છતાં અમો વેચાણ આપનારા તરફથી કે અમારા વંશ-વાલી-વારસો કે હિસ્સેદારો કે હિત સંબંધ ધરાવતી કોઇ વ્યકિત કે સંસ્થા તરફથી ભવિષ્યમાં પરત મેળવવા કોઇ તર-તકરાર કરવા-કરાવવામાં આવે તો આ વેચાણ દસ્તાવેજની રૂએ રદ્બાતલ થાય.

(૧૩) આમ, વેચાણ કિંમત અગર અવેજની કોઇ રકમ અમો વેચાણ આપનારાએ લેવાની રહેતી નથી. જેથી ભવિષ્યમાં એવી કોઇ તર-તકરાર પણ કરવાની નથી, અને આમ છતાં અમો અગર અમારા તરફે એવી કોઇ તર-તકરાર થાય તો તે આ વેચાણ દસ્તાવેજના લેખથી રદ્બાતલ ગણાય, તેવી લેખિત બાંહેધરી સહિત વેચાણનો પુરેપુરો અવેજ ચુકતે થયા બદલની કબુલાત પણ અમે વેચાણ આપનારાઓ આ વેચાણ દસ્તાવેજના લેખથી લખી આપીએ છીએ.

(૧૪) સદરહું વેચાણ આપેલ મિલકત અમો વેચાણ આપનારાએ આ અગાઉ વેચાણ, લોન ગીરો, બક્ષીસ કે અન્ય પ્રકારે તબદીલ કરેલ નથી કે લખી આપેલ નથી, તેમજ અમો વેચાણ આપનારા સિવાય મજકુર વેચાણ આપેલ નીચે જણાવેલ વિગતની મિલકતમાં કે તે અંગે અન્ય કોઇનો કોઇપણ કોર્ટ કે રેવન્યુ પ્રકરણો કે અન્ય કોઇ કેસ મેટર ચાલતી નથી કે પેન્ડીગ નથી. અને આ મિલકતમાં લાગભાગ, હકક, કિસ્સો કે હિત, ભરણપોષણ સંબંધ નથી. તથા કોઇ પણ ધારા હેઠળ નોટીસ મળેલ નથી,તે સંપૂર્ણ ચોખ્ખે ચોખ્ખી અને બોજા રહિતની આવેલી છે. સદરહું દુકાન/ઓફીસ/ફલેટ ઉપર કોઇનો ખોરાકી, પોષાકી, ભાડુઆત કે અન્ય શખ્સનો દર-દાવો કે અવલ જપ્તીમાં લેવામાં આવેલ નથી. અને જો ભવિષ્યમાં કોઇ કબજા કે ટાઇટલ બાબતે કંઇ પણ ખામી નીકળે તો વેચાણ આપનારાએ તથા અમારા વંશ વાલી વારસોએ તે પોતાના ખર્ચે તથા નુકસાને દૂર કરી ચોખ્ખા કરી આપવાના રહેશે.

(૧૫) વેચાણ લેનારને આ દસ્તાવેજથી સદર દુકાન/ઓફીસ/ફલેટના નીચે પરિશિષ્ટમાં જણાવેલ અંદરના પ્રિમાઇસીસના હકકો જ વેચાણ આપેલ છે. તેવા સબબે વેચાણ લેનાર પ્લાનમાં જણાવેલ ઉંચાઇ ની અંદરના જ કારપેટ એરીયાના જ હકકો છે. એવી બાંહેધરી આપી સ્વીકાર કરે છે. અને તેના ઓરજીનલ સ્ટ્રકચર/ ડીઝાઇન , રંગ રોગાન કે બાંધકામમાં કોઇ પણ જાતના આંતરિક કે બાહ્ય ફેરફાર કરવાના નથી. તેમ છતાં ભવિષ્યમાં અનિવાર્ય સંજોગોમાં તમારી માલીકી કબજા ભોગવટાની મિલકતમાં આકસ્મિક અંજોગોમાં રીપેરીંગ કે સુધારા -વધારા કરવાની જરૂર ઉભી થાય તો આજુબાજુના ઉપર નીચેના અન્ય દુકાનદારોની મિલકતને નુકસાન ન થાય તે રીતે અને કોઇનું હિત ન જોખમાય તે રીતે કરવાનું રહેશે. જેમાં વ્યવસ્થાપક કમીટી તેના અન્ય હોદેદારોની પૂર્વમંજૂરી લેવાની રહેશે.

(૧૬) સદરહું ધ મેપલ સ્કાયડેક” સંકુલમાં આવેલ તમામ અંદર તેમજ બહારના આંતરિક પેસેજ રસ્તા, ફલોરીંગ, પગથીયા, સીડી, દાદર, અને કોમન સ્પેસ, લીફ્ટ પાર્કીંગ, કોમન વોટર ટેન્ક, વેચાણ આપેલ મિલકતની બહારની બાજુના બાંધકામ વિગેરેના ઉપયોગ કે ઉપભોગ તથા અન્ય માલીકો/ કબજેદારોને નડતર નુકસાન ન થાય તે રીતે પોતાના મર્યાદામાં રહીને જણાવેલ જગ્યામાં જ સહીયારો ઉપયોગ કરવાનો છે. સહીયારી સગવડો (કોમન એમીનીટીઝ) નો તમો ભાગ પાડી શકો નહી કે તમારો સ્વતંત્ર માલીકી હકક રહેશે નહી સહીયારા સુવિધાનું વર્ણન દસ્તાવેજના પરિસ્ષ્ટિમાં આપવામાં આવેલ છે. કોઇ પણ દુકાન/ ઓફીસ/ ફલેટ ની સામે કોઇ પણ વાહન ઉભું રાખી શકશે નહી. જેમાં કોઇ પણ રૂકાવટ, અડચણો કે અવરોધ કરવાનો રહેશે નહી. અને તે બાબતે જરૂરી સરકારી, અર્ધસરકારી, પંચાતય વિગેરેનું જે કાંઇ પણ વેરા, શિક્ષણ. ઊપકર, કર, વિગેરે જે કાંઇ પણ ટેક્ષિસ ભાગે આવે તો તે વેચાણ લેનારે ભાગે આવતો ભોગવવનો રહેશે. વેચાણ લેનારે કોઇ પણ અડચણ રૂકાવટ અથવા અવરોધ થાય કે સંકુલના લાગતા- વળગતાં અન્ય માલીકો/ કબજેદારોના હકક-હિતને નુકસાન થાય કે તેમની મિલકતના અસ્તિત્ત્વ સામે જોખમ ઉભું થાય તેવી કોઇ વસ્તુઓ/ સ્ફોટક પદાર્થ મૂકવાના નથી. સમગ્ર સંકુલ કે તેના કોઇ પણ ભાગના પાઇપ, કોમન સેપ્ટીક ટેન્ક, ખાળકૂવા, ઓવરહેડ ટેન્ક વિગેરે બીજા વેચાણ લેનાર તમામ હોલ્ડરોના હકક

દાવા અને અધિકારોને ધ્યાનમાં રાખી કોઇ પણ તકલીફ અડચણ રૂકાવટ અને અવરોધ ન પડે તેમ નુકસાન ન થાય તેવી રીતે વાપરશે.

(૧૭) સદરહું તમોને વેચાણ આપેલ મિલકત જેમાં આવેલી છે. તે "ધ મેપલ સ્કાયડેક" કોમ્પેલક્ષમાં રોજબરોજના મેઇન્ટન્સ , વપરાશ માટે પાણી, ગટર લાઇન, ખાળકૂવા કે પાણી માટે બોરીગ તેમજ અન્ય સુવિધાઓ જેવી કે વોચમેનની વ્યવસ્થા, સફાઇ કામદારની વ્યવસ્થા, મેઇન્ટેન કરવા, કોમન જગ્યાએ સાફસૂફી, પાણી પુરવઠો જાળવવવા, ઇલેકટ્રીક મોટર જાળવણી કે અન્ય શ્રમ તથા સામન-સામગ્રીની વ્યવસ્થા, લીફટ, વિજળી ,રંગ- રોગાન, પાર્કીગ, કોમન ફેસીલીટીની જાળવણી, તેમજ સુખાધીકારની સુરક્ષા માટે જરૂરી બાબતો તથા વિકાસના કામો કરવામાં આવે તે થતો ખર્ચ દરેક દુકાન/ઓફીસ/ફલેટસ હોલ્ડરોએ સહિયારી રીતે ભોગવવનો રહેશે તથા ભવિષ્યમાં સદરહુ સંકુલમાં અન્ય કોઇ સગવડો ઉભી કરવાના હેતુસર વેચાણ આપનાર જ જાતે સંસ્થા યા એસેસીએશન કે સોસાયટી બનાવે તે અસ્તિત્વમાં આવ્યેથી તેના સભ્ય ફરજીયાત બનવાનું રહેશે નીતી નિયમો અને બંધારણ પ્રમાણે વ્યવસ્થાપક કમીટીની રચના કરી તેના અન્ય હોદેદારોની નિયુકતી કરી તે ધ્વારા તેને લગતી ફાળાની રકમ જેવી કે સભ્ય ફી, એકત્રીત ફંડ વિગેરે જે કાંઇ રકમ સહિયારી રીતે સુવિધાઓ માટે ઉઘરાવવમાં આવે તો તે તમામ બીજા કોઇ ખાસ ફાળા સહિતની રકમ તમોએ બીન તકરારે આપવાની રહેશે.અને તેના નિયમો તથા સમય સમયના ઠરાવોનું પાલન કરવા વેચાણ લેનારે કોઇ તકરાર કરવાની રહેશે નહી અને જો તેમ છતાં બિનજરૂરી તકરાર ઉભી કરશે તો નીતી નિયમ મુજબ તેની સામે કાર્યવાહી કરવામાં આવશે જેની પણ બાંહેધરી તથા ખાતરી આપે છે.

વધુમાં વેચાણ લેનાર દરેક હોલ્ડરોએ આજીવન સભ્ય ફી, દાખલ ફી, માસિક ફાળાની રકમ ટ્રાન્સફર ના સંજોગોમાં ફાળાની રકમ અન્ય સુવિધા માટેની ફાળા રકમ તેમજ જરૂરીયાતના સમયે ખાસ ફાળાની રકમ જે આવતી હોય તે તમામ રકમ વેચાણ લેનારે અમો વેચાણ આપનારને જમા કરાવવાની છે.

(૧૮) સદરહું મિલકત જેમાં આવેલ ધ મેપલ સ્કાયડેક" તથા તેના આજુબાજુની ખુલ્લી જમીનમાં કોઇ પણ ધ મેપલ સ્કાયડેક" માલીકોનો હકક, હિત, હિસ્સો નથી. જેથી ભવિષ્યમાં સરકારી નીતી નિયમોની જોગવાઇઓને આધીન રહીને આવી ખુલ્લી જમીન કે એફ.એસ.આઇ.માં અમો લખી આપનારાઓ બીજું આવું સંકુલ ઉભું કરે કે અન્ય કોઇનું આયોજન કરે તેવી બાબત અંગે તમો કે તમારા જેવા બીજા દુકાન/ઓફીસ/ફ્લેટ હોલ્ડરોએ કોઇ પણ જાતનો વિરોધ કે અવરોધ- અટકાવ કરવાનો નથી અને સંર્પૂણ સાથ સહકર આપવાનો રહેશે.

(૧૯) અમો વેચાણ આપનારાઓએ સદરહું કોમ્પલેક્ષન ધ મેપલ સ્કાયડેક" નામ આપેલ છે જે નામમાં વેચાણ લેનાર કે અન્ય કોઇ પણ કોઇ પણ રીતે ફેરફાર કરવાનો નથી. અને તે બદલી શકશે નહી.

(૨૦) મજકુર મિલકતમાં જલ્દીથી સળગી ઉઠે એવો કે અન્ય હાનિકારક પદાર્થ કે માલસામાન વેચાણ લેનાર રાખી શકશે નહિ.

(૨૧) સદરહુ કોમ્પલેક્ષના માં બીજા દુકાન/ઓફીસ/ફ્લેટ માલિકોને ન્યુશન્સ થાય તેવું કાર્ય, કૃત્ય વેચાણ લેનાર કરી શકશે નહિ કે બીજા કોઇને અડચણ થાય કે સ્ટ્રકચરને નુકશાન થાય તેવું કોઇ કૃત્ય કે સુધારો-વધારો કે ફેરફાર પણ કરી શકશે નહિ.

(૨૨) ભવિષ્યમાં સદરહું દુકાન/ઓફીસ/ફ્લેટ કોમ્પલેક્ષના મિલકત પર બાંધકામ કરનાર છીએ. જે બાંધકામ અંગે ભવિષ્યમાં ગ્રાઉન્ડ ફ્લોરથી ઉપર તરફ બંબુ બાંધવા કે માલ-મટીરીયલ્સ ચઢાવવા માટે જરૂરીયાત ઉભી થાય તો તે અંગે વેચાણ લેનારે કોઇપણ જાતની તકરાર કરવાની રહેશે નહિ. તથા આંતરીક રસ્તા અને આવવા-જવા માટેના પેસેજની ખુલ્લી જગ્યામાં વેચાણ લેનારે કોઇપણ ચીજવસ્તુઓ મુકવાની નથી, તેમજ જવા-આવવા માટેના દાદરની

આજુબાજુની આવેલ જગ્યામાં ચીજવસ્તુઓ મુકવા માટે કે અન્ય કોઇ રીતે અડચણ ઉભો કરવા ઉપયોગ કરવાનો નથી.

(૨૩) સદરહુ દુકાન/ઓફીસ/ફલેટ" કોમ્પલેક્ષમાં તમો વેચાણ રાખનારને વેચાણ આપેલ મિલકતના કાયદેસરના રહ્યહેણાંક /વેપાર ધંધા હેતુ માટેનો ઉપયોગ કરી શકશે. પરંતુ કોઇપણ ગેરકાયદેસરના ધંધા કે વેપાર હેતુ માટે વપરાશ કરવાનો રહેશે નહિ. સદરહુ તમો વેચાણ રાખનારને વેચાણ આપેલ દુકાન/ઓફીસ/ફલેટ વાળી મિલકતમાં એવું મોટું કોઇપણ પ્રકારનું ઉત્પાદન કે વપરાશ કે જેનાથી કોમ્પલેક્ષની બીલ્ડીગમાં વાઇબ્રેશન કે નુકશાન પહોંચાડે તેવી કોઇપણ પ્રકારની મશીનરી ગોઠવવાની રહેશે નહી. તેમજ કુદરતી આકસ્મીક આફત, માનવસર્જીત આફતો અંગેના દુકાન/ઓફીસ ના વીમા યાને વીમા પોલીસી ફરજીયાત રીતે દરેક વેચાણ લેનારે પોતાના ખર્ચે તથા જોખમે લેવાનો રહેશે. અને કાયમ માટે તેના પ્રિમીયમ નિયમીત સમયસર ભરવાના રહેશે જેમાં વેચાણ આપનારની કોઇ જવાબદારી રહેશે નહી.

(૨૪) આ વેચાણ દસ્તાવેજથી તેની કોઇ પણ જોગાવઇ કે શરતોના અર્થઘટન અંગે અથવા આ દસ્તાવેજથી ઉપસ્થિત થતી કોઇ પણ બાબત અંગે તમામ વેચાણ લેનાર હોલ્ડરોએ વેચાણ આપનારની સાથે મતભેદ કે તકરાર કે દર-દાવા ઉપસ્થિત હવે કરવાના નથી કે કરશે નહી. અને જો કરે તે તમામ પ્રકરણો આ રજીસ્ટર વેચાણ દસ્તાવેજથી રદબાતલ ગણવાના રહેશે જે બાબતે વેચાણ લેનાર આ રજીસ્ટર વેચાણ દસ્તાવેજથી બાંહેધરી આપે છે જે વેચાણ લેનારના વંશ વાલી –વારસોને પણ બંધનકર્તા રહેશે.

(૨૫) સદરહું દુકાન/ઓફીસ/ફલેટ કોમ્પલેક્ષના બાંધકામ તથા સદરહું દુકાન/ઓફીસ/ફલેટ ના સ્ટ્રકચર, માપ તથા ડીઝાઇન અને તેમાં વપરાયેલ મટીરીયલની કવોલીટી ભરૂચ –અંકલેશ્વર શહેરી વિકાસ મંડળ,(બૌડા) ભરૂચ આપેલ બાંધકામ પરવાનગી, પ્રમાણપત્ર, પ્લાન વિગેરે તમામ કાગળો અંગે તમો વેચાણ લેનારે ચકાસણી કરાવી લીધેલ છે. અને સદરહું મિલકતના ટાઇટલ તેમજ બાંધકામ તેમજ મિલકતના વાપરવામાં આવેલ મટીરીયલ તથા એરીયા બાબતે વેચાણ લેનારે જાતે તપાસી ચોકસાઇ કરેલ હોય તે અંગે ભવિષ્યમાં વેચાણ લેનારને કોઇ તકરાર નથી.

(૨૬) આ સરકારશ્રીના RERA ના નિયમ મુજબ દરહું વેચાણ આપેલ મિલકત દુકાન/ઓફીસ/ફ્લેટ કબજો સોંપ્યાના ૫ (પાંચ) વર્ષના સમયગાળા દરમ્યાન બીલ્ડીગમાં કે કોઇ સ્ટ્રકચરના નાની-નહીવત બાબતની કે સામાન્ય બાબતની ખામી સિવાયની મોટી ખામી બાંધકામમાં કે ગુણવતા બાબતે ખામી આવે તો વેચાણ લેનાર અમો વેચાણ આપનારના ધ્યાને લાવશો તો તેવી ખામી વેચાણ લેનારના લીધે ઉત્પન્ન ન થઇ હોય તો અમો વેચાણ આપનાર તે શકય હોય ખામી પોતાના ખર્ચે દૂર કરી આપવાની રહેશે. અને એવી ખામી દૂર કરવાનું શકય ન હોય તો તે ખામી માટે અધિનીયમ આ કરારમાં જણાવેલ શરતોને આધીન વળતર મેળવવા હકકદાર રહેશે. પરંતુ આવી કોઇ ખામી જેમાં વેચાણ આપનારને જવાબદાર ન ઠરાવી શકાય તેમ હોય અથવા ખામી વેચાણ લેનારથી થયેલ હોય અથવા કોઇ કુદરતી કારણોસર થયેલ હોય તો તેવી ખામી કે અન્ય કોઇ પણ રીતની ખામી માટે વેચાણ આપનાર વળતર ચૂકવવાને પાત્ર રહેશે નહી. અને કાયદા મુજબ જ નિર્ણય બંને પક્ષકારોને માન્ય ગણાશે.

(૨૭) સદરહું દસ્તાવેજ કરારની ઉપરોકત જોગાવઇ કાયદા અથવા રૂલ્સ રેગ્યુલેશન અંતર્ગત અથવા તે હેઠળ બનાવવમાં આવેલ નિયમો અને વિનીમયો હેઠળ અથવા લાગુ પાડવાપાત્ર અન્ય કાયદાઓ હેઠળ રદ કરવા અથવા બિનઅમલી પાત્ર બનાવવાનું નકકી કરવામાં આવે તો , આવી જોગવાઇઓ, તે કરારના હેતુ સાથે અસંગત હોય એટલા પૂરતી અને આ અધિનીયમ અથવા તે હેઠળના બનાવવામાં આવેલ નિયમો અથવા લાગુ પડતા કાયદાઓ સાથે તે અનુરૂપ હોવા જરૂરી હોય તેટલા પ્રમાણમાં તે સુધારાયેલી અથવા રદ થયેલી ગણાશે. અને આ કરારની બાકીની જોગવાઇઓ આ કરારના અમલ વખતે લાગુ પડતી હતી તે રીતે માન્ય અને અમલપાત્ર રહેશે.

(૨૮) સદરહું દુકાન/ઓફીસ/ફ્લેટ” કોમ્પલેક્ષના પ્રાપ્ત એફ.એસ.આઇ. અને તેના વપરાશની અને ભવિષ્યની એફ.એસ.આઇ. તથા ટેરેસ અને કોમન એરીયા

એસોસીએશન ઓફ એલોટીને વપરાશનું પ્રમાણપત્ર (બીયુ) મળ્યા પછી રહેશે. અને તે (બીયુ) મળ્યા પછી વેચાણ આપનારના હકકો રહેશે નહી.

(૨૯) સદરહું વેચાણ આપેલ નીચે જણાવેલ વિગતના મિલકતને લગતા આજદિન સુધીના શિક્ષણ ઉપકર, જમીન મહેસુલ કે કોઇપણ પ્રકારના સરકારી વેરા, મેઇન્ટેનન્સ ખર્ચ વિગેરે ભરપાઇ કરી દીધેલા છે, અને જો કોઇ બાકી નીકળે તો તે ભરી આપવાની જવાબદારી અમો વેચાણ આપનારની રહેશે. આજદિન પછીના મજકુર વેચાણ આપેલ નીચે જણાવેલ વિગતના મિલકતને લગતા તમામ વેરા, શેષ, શિક્ષણ ઉપકર, મેઇન્ટેનન્સ ખર્ચ વિગેરે ભરપાઇ કરવાની જવાબદારી તમો વેચાણ લેનારની છે.

(૩૦) સદરહું વેચાણ આપેલ મિલકત તમો તમારા નામે સરકારી યા અર્ધસરકારી દફતરે, સીટી સર્વે દફતરે, જી.ઇ.બી. દફતરે, ભરૂચ નગરપાલિકા દફતરે, ગ્રામ અગર ખાનગી દફતરે વેચાણ આપનારાના નામો ચાલતા હોય, હવે પછીથી આ વેચાણ દસ્તાવેજથી સદરહુ મિલકતના તમો વેચાણ લેનાર માલિક થાય હોવાથી અમો વેચાણ આપનારના નામો કમી કરી તમો વેચાણ લેનારના તમારા નામો રેકર્ડમાં દાખલ કરાવી લેવા હકકદાર અને માલિક મુખત્યાર અને હકકદાર છે, અને તેમાં અમારી સહી, ખાતરી, સ્ટેટમેન્ટ, એફીડેવીટ , સંમતિ કે કબૂલાતની જરૂર પડે તો તે અમારે અવેજ લીધા વગર આપવાની છે, અને છતાં જો જવાબ કે સંમતિ ન આપીએ તો તે અંગે આ લેખનો અમારો સંમતિ જવાબ ગણી લેવાનો છે.

(૩૧) સદરહું વેચાણ આપેલ ઉપર જણાવેલ વિગતની મિલકતનો શાંત, ખાલી અને પ્રત્યક્ષ કબજો અમો વેચાણ આપનારાએ તમો વેચાણ લેનારને માલિક તરીકે આજરોજ સુપ્રત કર્યો છે. એટલે તમો વેચાણ લેનાર માલિક તરીકે મજકુર વેચાણ આપેલ મિલકતના ત્યારથી સ્વતંત્ર કબજેદાર થયા છો, તેની અમો વેચાણ આપનાર આ વેચાણ દસ્તાવેજના લેખથી લેખિત કબુલાત સ્વીકારીએ છીએ.વેચાણ આપેલ મિલકતના કબજા ભોગવટામાં વેચાણ આપનાર તેમના

એજન્ટ, વંશ,વાલી વારસો, ભાગીદારો તથા એસાઇનીઓ ઇત્યાદી આ દસ્તાવેજથી પાલન શરતો કોઇ અવરોધ વિક્ષેપ અટકાયત કરશે નહી અને વેચાણ લેનાર આ દસ્તાવેજની શરતોને આધિન શાંતિથી કોઇ પણ જાતના વિરોધ વગર ચાંદો સૂરજ તપે ત્યાં સુધી પાછી નહી લેવાની શરતે વેચાણ ચોખ્ખી બોનાફાઇડલી સઘાટ વેચાણ આપી તેનો ભોગવટો કરવા સદરહું પ્રિમાઇસીસનું જાતે વેચાણ કરવું વસવું વસાવવમાંકે ભાડે કે ગીરો આપવા બક્ષિસ યા વેચાણથી આપવા વિગેરે વેચાણ લેનારને સંપૂણ હકક અને અધિકાર છે સહી.

(૩૨) વિવાદનું નિરાકરણ

પક્ષકારોની વચ્ચે તમામ તકરારોનું મળી સમજીને નિવારણ કરવાનું રહેશે. જો મળી સમજીને તકરારોનું નિવારણ કરવામાં નિષ્ફળ જાય તો, તેવી તકરારને રીઅલ એસ્ટેટ (રેગ્યુલેશન અને ડેવલોપમેન્ટ) એકટ, ૨૦૧૬ ની જોગવાઇઓ મુજબ, તેને Gujarat Rera Authorties સતામંડળને સુપ્રરત કરવાની રહેશે.

(૩૩) સદરહું મિલકત ના વેચાણ દસ્તાવેજ અંગેનો તમામ ખર્ચ જેવા કે સ્ટેમ્પ ડયુટી, રજીસ્ટ્રેશન ફી, લીગલ ચાર્જ, ટાઇપીંગ ખર્ચ, વકીલ ફી વિગેરે તમો વેચાણ લેનારે ભોગવવાનો છે,અને મજકુર વેચાણ દસ્તાવેજ અંગે ભવિષ્યમાં જે કાંઇ ખૂટતી સ્ટેમ્પ ડયુટી, દંડ ભરવાનો આવે તો તે પણ તમો વેચાણ લેનારે ભરવાનો રહેશે. જેમાં અમો વેચાણ આપનારની કોઇ જવાબદારી રહેશે નહી.વધુમાં સરકારશ્રીના પર્વતમાન કાયદા અને જોગવાઇઓ મુજબ જી.એસ.ટી. ઉપરાંત જે સરકારી ટેક્ષની જોગાવઇ કરવામાં આવી છે. તે વેચાણ લેનારે વેચાણ આપેલ મિલકતના વેચાણ દસ્તાવેજના ખર્ચ સાથે અલગથી આપવાનો રહેશે.

-:વેચાણ આપેલ મિલકતનું પરિશિષ્ટઃ-

ડીસ્ટ્રીકટ ભરૂચ, સબ ડીસ્ટ્રીકટ ભરૂચ, મોજે ગામ **તવરા**ની સીમમાં આવેલ **રેવન્યુ સર્વે/બ્લોક નંબર ૫૧-બ પૈકી**ની કુલ ૭૩૨૦.૦૦ ચો.મી.ની બીનખેતીની જમીન પર **"ધ મેપલ સ્કાયડેક"** નામથી રહેણાંક/ વાણીજય હેતુસર દુકાન,ઓફીસ તથા ફલેટસનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં આગળના ભાગમાં **ગ્રાઉન્ડ ફલોર તથા ફર્સ્ટ ફલોર દુકાન/ઓફીસ** આવેલ છે. તથા પાછળના ભાગમાં રહેણાંકના હેતુસર **"એ/૧, એ/૨ તથા એ/૩" એમ કુલ ૩ (ત્રણ) ટાવરમાં પ્રથમ માળથી ચૌદ માળ સુધીના ફલેટસ** આવેલા છે. જે પૈકીની

................ફલોર/ટાવર ઉપર આવેલ **દુકાન / ઓફીસ/ ફલેટ નં........**જેનું **બિલ્ટ અપ એરીયા.............ચો.મી.** (............ ચો.ફૂટ) છે તથા જેનો **કારપેટ એરીયા ....ચો.મી**. (............ ચો.ફૂટ) થાય છે.તથા **અનડીવાયડેડ શેર ઓફ લેન્ડની જગ્યા યાને વરાડે પડતી જગ્યા ....ચો.મી.** થાય છે તથા **અનડીવાયડેડ શેર ઓફ લેન્ડની જગ્યા યાને વરાડે પડતી જગ્યા ....ચો.મી.** થાય છે. વરાડે પડતી **અનડીવાયડેડ શેર ઓફ લેન્ડ)** જગ્યાનો હિસ્સો ફકત આંતરિક રસ્તા તથા પાર્કિંગ પેસેજ જગ્યાનો હિસ્સો છે. જે આ દુકાન/ઓફીસ/ફલેટ સાથે ફાળવવમાં આવેલ નથી. ફકત આ બાંધકામના એરીયાવાળા દ દુકાન/ઓફીસ/ફલેટ ના અંદરના પ્રિમાઇસીસ હકકો આ વેચાણ દસ્તાવેજથી આપેલ છે.જેની ચર્તુદિશા નીચે મુજબ છે.

ચર્તુદિશા

પૂર્વે :

પશ્ચિમે :

ઉત્તરે :

દક્ષિણે :

દુકાન/ ઓફીસ/ફલેટ મિલકત પ્રિમાઇસીસ ફોટાનું શિડયુલ

વેચાણ આપેલ મિલકત નું પોસ્ટલ સરનામું : મોજે ગામ -**તવરા**ની સીમમાં આવેલ **રેવન્યુ સર્વે/બ્લોક નંબર ૫૧-અ પૈકી રહેણાંક/ વાણીજય હેતુસરની બિનખેતીની જમીન ઉપર બનાવવમાં આવેલ** ***' ધ મેપલ સ્કાયડેક'*** કોમ્પલેક્ષમાં આવેલ દુકાનો/ ઓફીસ/ફલેટ પૈકીની **................ફલોર** ઉપર આવેલ **દુકાન / ઓફીસ/ફલેટ નં........** વાળી મિલકત.

સદર વેચાણ દસ્તાવેજ લખી આપનાર એટલે કે વેચાણ આપનાર આદીવાસી જાતીના નથી.

એણી વિગતનો આ વેચાણ દસ્તાવેજ આપણે વેચાણ આપનાર અને વેચાણ લેનારે આપણી રાજી-ખુશીથી, સ્વેચ્છાએ, કોઇનાં કોઇપણ જાતનાં દાબ-દબાણ વિના કે ધાક-ધમકી વિના, વાંચી-વંચાવી, સમજી-સાંભળી, તન-મનની સાવધ અને સભાન અવસ્થામાં યાને બિનકેફમાં પુરી અકકલ હોશિયારીમાં કરેલ છે. જે આપણે તથા આપણાં વખતો-વખતનાં વંશ-વાલી-વારસોને કબુલ મંજૂર અને બંધનકર્તા છે, સહી અને રહેશે સહી.

અત્રે,................................ સહી, તત્રે..................................... શાખ

વેચાણ આપનાર

.... ૧. ....

કુબેરએન્ટરપ્રાઇઝ ભાગીદારી પેઢીના

ઓર્થોરાઝડ ભાગીદાર ૨. ....

<u>પરિશિષ્ટ</u>

વેચાણ આપનારનું નામ	ફોટો	સહી	અંગુઠાનું નિશાન
કુબેર એન્ટરપ્રાઇઝ ભાગીદારી પેઢીના ઓર્થોરાઝડ ભાગીદાર			
વેચાણ લેનારનું નામ	ફોટો	સહી	અંગુઠાનું નિશાન